# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




નડિયાદમાં મસમોટા વેરા વસૂલતી મહાનગરપાલિકા શુદ્ધ પાણી આપવામાં વામણી પુરવાર

# નડિયાદ મનપાનું 'પાણી' મપાયું: અમદાવાદી બજારમાં પીવાનું પાણી ટીડીએસ ૭૦૦ને પાર

**જનઆરોગ્ય** જોખમાતાં જોડિયા ખડકી'ના રહીશોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

નડિયાદ મનપા દ્વારા શહેરીજનોને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવાના દાવાઓ પોકળ સાબિત થયા છે. અમદાવાદી બજાર વિસ્તારમાં વિતરિત થતા પાણીમાં ટીડીએસનું પ્રમાણ નિયત માત્રા કરતા અનેકગણું વધુ હોવાનું સામે આવ્યું છે.

નડિયાદ શહેરને મનપાનો દરજ્જો મળ્યા બાદ પણ પ્રાથમિક સુવિધાઓની સ્થિતિ કથળેલી જોવા મળી રહી છે. શહેરીજનો પાસેથી મસમોટા




વેરા વસૂલવામાં આવે છે, પરંતુ તેના બદલામાં શુદ્ધ પીવાનું પાણી આપવામાં તંત્ર વામણું પુરવાર થયું છે. શહેરના અમદાવાદી બજારમાં આવેલ જોડિયા ખડકી વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી અત્યંત ખરાબ ગુણવત્તાનું પાણી આપવામાં આવી રહ્યું હોવાની ફરિયાદો ઉઠી છે. સ્થાનિક રહીશો દ્વારા પીવાના પાણીની ચકાસણી કરવામાં આવતા પાણીમાં ટીડીએસનું પ્રમાણ 700 થી વધુ નોંધાયું છે જે પીવાલાયક પાણીના સામાન્ય ધારાધોરણો કરતા ઘણું વધારે છે. સામાન્ય રીતે પીવાના શુદ્ધ પાણીમાં ટીડીએસનું પ્રમાણ 300 થી 500 સુધીનું હોવું જોઈએ. પરંતુ જોડિયા ખડકી વિસ્તારમાં નળમાંથી આવતા પાણીનું ટીડીએસ મીટર દ્વારા ચેકિંગ કરવામાં આવતા આંકડો 700ની પાર જોવા મળ્યો છે.

મનપાના સત્તાધીશો અને સંબંધિત વિભાગના અધિકારી આ બાબતે સંપૂર્ણપણે અજાણ હોય તેવો ઘાટ ઘડાયો છે. કરોડો રૂપિયાના ખર્ચે પાણી શુદ્ધિકરણના પ્રોજેક્ટ માત્ર કાગળ પર જ ચાલતા હોય તેવી પ્રતીતિ સ્થાનિકોને થઈ રહી છે.

### શુદ્ધિકરણ પ્રોજેક્ટ માત્ર કાગળ પર?

સ્થાનિકોનો ગંભીર આરોપ છે કે પાલિકા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે પાણી શુદ્ધિકરણના પ્રોજેક્ટ્સની જાહેરાતો કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં આ પ્રોજેક્ટ્સ માત્ર કાગળ પર જ ચાલતા હોય તેવું લાગી રહ્યું છે. એક તરફ પાલિકા શહેરીજનો પાસેથી મસમોટા વેરા વસૂલે છે, પરંતુ સામે શુદ્ધ પાણી જેવી પ્રાથમિક જરૂરિયાત સંતોષવામાં પણ તંત્ર સાવ નિષ્ફળ નીવડ્યું છે.

### TDS વાળું પાણી એટલે બીમારીને આમંત્રણ

આરોગ્ય નિષ્ણાતોના મતે, લાંબા સમય સુધી 700 થી વધુ ટીડીએસ ધરાવતું ક્ષારયુક્ત પાણી પીવાથી કિડની અને પેટના ગંભીર રોગો થવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે. ચોમાસાના માહોલમાં આવું પ્રદૂષિત પાણી નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડા સમાન છે. સ્થાનિકોની માંગ છે કે સત્વરે પાણીની ગુણવત્તા તપાસી યોગ્ય ટીડીએસ ધરાવતું પાણી પૂરું પાડવામાં આવે.

---

હવે ૧૯૧૨ મથકો પર જ થશે મતદાન, ૧૪ જુલાઈ સુધી વાંધા-સૂચનો આવકાર્ય

# આણંદ જિલ્લાના ચૂંટણી નકશામાં ૧૫ મતદાન મથકો ભુંસાઈ ગયાં

**મતદારોની સંખ્યા** ઘટતા ચૂંટણી તંત્રનું એક્શન, ૧૧૨ ના સરનામાં બદલાયા

(પ્રતિનિધિ) આણંદ તા.૮

આણંદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરી દ્વારા મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અંતર્ગત મતદાન મથકોના પુનર્ગઠન બાદની પ્રાથમિક યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. રાજ્યમાં હાથ ધરવામાં આવેલા ખાસ સઘન સુધારણા (SIR) કાર્યક્રમ દરમિયાન મતદારોની કુલ સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતા આણંદ જિલ્લાના ચૂંટણી માળખામાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે.

આણંદ જિલ્લામાં સામાન્ય રીતે વસ્તી વધારા સાથે મતદાન મથકો વધતા હોય છે, પરંતુ આ વખતે આણંદ જિલ્લામાં વિપરીત સ્થિતિ જોવા મળી છે. મતદારોની સંખ્યામાં થયેલા ઘટાડાને કારણે જિલ્લાના ચૂંટણી તંત્રએ ૧૫ મતદાન મથકોને કાયમી ધોરણે મર્જ કરવાનો નિર્ણય લીધો છે. આ ફેરફાર બાદ જિલ્લામાં હવે કુલ ૧૯૨૭ ના બદલે ૧૯૧૨ મતદાન મથકો અસ્તિત્વમાં આવશે.

માત્ર મથકોની સંખ્યા જ નહીં, પરંતુ ભૌગોલિક અને તકનીકી કારણોસર ૧૧૨ મતદાન મથકોના મૂળ સ્થળમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, જિલ્લાના ૯૯ સેક્શનોનું શિફ્ટિંગ પણ કરવામાં આવ્યું છે. આ વ્યાપક ફેરફારોને પગલે હજારો મતદારોના મતદાન કરવાના સ્થળ બદલાઈ શકે છે.

આણંદ જિલ્લા ચૂંટણી અધિકારીએ અપીલ કરી છે કે, જો કોઈ નાગરિકને આ ફેરફારો સામે વાંધો કે સૂચન હોય તો તેઓ ૧૪ જુલાઈ, ૨૦૨૬ સુધીમાં સંબંધિત કચેરીએ રજૂઆત કરી શકે છે. આ યાદી હાલ જિલ્લા ચૂંટણી અધિકારી અને તમામ મદદનીશ નોંધણી અધિકારીઓની કચેરીએ જાહેર જનતાના અવલોકન માટે મૂકવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરની કામગીરી દરમિયાન મતદારયાદી સુધારણામાં અઢી લાખથી વધુ મતદારોના નામ કમી કરાયાં હતાં.

---

# બોરસદ પાસે કારની ટક્કરે ફાર્માસિસ્ટ યુવાનનું મોત

**વિરોલના યુવાને** જીવ ગુમાવતા બે માસૂમ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી

(પ્રતિનિધિ) બોરસદ તા.૮

પેટલાદ-બોરસદ હાઈવે પર સંતોકપુરા અને કાવીઠા ગામ વચ્ચે ગત રાત્રે સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં વડોદરાની ખાનગી ફાર્મા કંપનીમાં નોકરી કરતા ૩૪ વર્ષીય યુવાન શૈલેષભાઈ રમેશભાઈ ચૌહાણનું કરુણ મોત નીપજ્યું છે. પૂરઝડપે આવતી કારે બાઈકને અડફેટે લેતા સર્જાયેલા આ અકસ્માતને પગલે વિરોલ ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પેટલાદના વિરોલ ગામના વતની શૈલેષભાઈ ચૌહાણ પોતાની બાઈક લઈને નોકરી પરથી ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન સંતોકપુરા પાસે કાળા કલરની એક ફોર વ્હીલ કાર (GJ-23-CJ-9300) ના ચાલકે પોતાની ગાડી ગફલતભરી રીતે હંકારી લાવી બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કાર અને બાઈક બંને માર્ગની સાઈડમાં આવેલી ગટરમાં ખાબક્યા હતા.

આ અકસ્માતમાં શૈલેષભાઈને માથાના ભાગે અને પગે ગંભીર ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક યુવાન પોતાના પાછળ ૭ અને ૬ વર્ષના બે માસૂમ બાળકો અને પત્નીને નિરાધાર હાલતમાં છોડી ગયા છે. આ ઘટના અંગે બોરસદ રૂરલ પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

કણજરી પાલિકા સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સાથે કોંગ્રેસના આમરણાંત ઉપવાસ

# કણજરીમાં ૧૪ કરોડના ખર્ચે બનેલા રસ્તા માત્ર ૩ મહિનામાં જ 'ધોવાયા'

**જવાબદારો સામે કડક** કાર્યવાહીની માંગ સાથે સ્થાનિક રાજકારણ ગરમાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

કણજરી નગરપાલિકા વિસ્તારમાં ભ્રષ્ટાચારનો મોટો મામલો સામે આવ્યો છે. જિલ્લા પંચાયત દ્વારા આશરે 12 થી 14 કરોડના માતબર ખર્ચે તૈયાર કરવામાં આવેલા 12 જેટલા નવા રસ્તાઓ માત્ર 2 થી 3 મહિનાના ટૂંકા ગાળામાં જ સંપૂર્ણપણે તૂટી ગયા છે. રસ્તાઓ પર ઠેર-ઠેર ગાબડાં પડવા અને નબળી કામગીરી મુદ્દે તંત્ર દ્વારા કોઈ પગલાં ન લેવાતા આખરે કોંગ્રેસે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.



ખેડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મહેન્દ્રસિંહ રાણા, ઠાસરાના પૂર્વ ધારાસભ્ય કાંતિભાઈ પરમાર સહિતના આગેવાનો ભ્રષ્ટાચાર વિરુદ્ધ કણજરી ખાતે આમરણાંત ઉપવાસ પર બેસી ગયા છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે આ કામગીરીમાં શાસક પક્ષ, સરકારી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત છે. જ્યાં સુધી ઉચ્ચસ્તરીય તપાસ અને જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી નહીં થાય ત્યાં સુધી લડત ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

### 8 વર્ષની રાહ બાદ બનેલો વડતાલ માર્ગ ભંગાર

કણજરીને પ્રસિદ્ધ યાત્રાધામ વડતાલ સાથે જોડતો મહત્વનો માર્ગ આશરે 8 વર્ષના લાંબા સમયગાળા બાદ તૈયાર કરવામાં આવ્યો હતો. જોકે, અત્યંત નબળી કામગીરીને કારણે આ માર્ગ પણ માત્ર 3 મહિનામાં જ બિસ્માર થઈ જતાં હજારો યાત્રાળુઓ અને સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### રજૂઆત કરનાર સભ્યોને ધારાસભ્યની ધમકી?

આ આંદોલન દરમિયાન શાસક પક્ષના સ્થાનિક પ્રતિનિધિઓ સામે પણ ગંભીર આક્ષેપો થયા છે. ચર્ચાઈ રહ્યું છે કે શાસક પક્ષના જ કેટલાક સભ્યોએ રસ્તાના નબળા કામ અંગે રજૂઆત કરી હતી, પરંતુ ધારાસભ્યએ તેમને ભવિષ્યમાં ફોન ન કરવાની ધમકી આપી હોવાના આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા છે.

---

કાળાખેતરાની જમીન પર બોગસ દસ્તાવેજો બનાવ્યાં

# ૧૮ વર્ષ પહેલાં મૃત્યુ પામેલાં વૃદ્ધાના નામે બેંક લોન પડાવી

**બેંક ઓડિટમાં ૭** લાખની છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૮

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના કાળાખેતરા ગામમાં ૧૮ વર્ષ પહેલાં સ્વર્ગવાસ પામેલા વૃદ્ધાના નામે અજાણ્યા ઠગબાજે સાત લાખ રૂપિયાની બેંક લોન મેળવી લીધી હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કેનેરા બેંકની લુણાવાડા શાખાના ઓડિટરો જ્યારે કાળાખેતરા ગામના ૭૨ વર્ષીય ગલાભાઈ પુજાભાઈ માલીવાડના ઘરે પહોંચ્યા ત્યારે સમગ્ર પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો. ઓડિટરોએ જણાવ્યું કે, તેમની સંયુક્ત માલિકીની ખાતા નંબર ૧૫૫ વાળી જમીન પર કેશરબેન હીરાભાઈ માલીવાડના નામે ૭ લાખની લોન લેવામાં આવી છે અને તેનો બોજો પણ જમીન પર ચડાવવામાં આવ્યો છે.

વાસ્તવિકતામાં, કેશરબેન (જેઓ ગલાભાઈના ફોઈ હતા) નું અવસાન આશરે ૧૮ વર્ષ પહેલાં જ થઈ ચૂક્યું છે. કોઈ અજાણ્યા ભેજાબાજ શખ્સે મૃતક કેશરબેનના નામે કૂટ અને બોગસ દસ્તાવેજો તૈયાર કરી, બેંકમાંથી બારોબાર લોન પાસ કરાવી રકમ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધી હતી.

આ મામલે છેતરાયેલા પરિવારના સભ્ય ગલાભાઈ માલીવાડે લુણાવાડા પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

---

# સગીરાને આત્મહત્યા માટે મજબૂર કરનારા શખસને દસ વર્ષની કેદ

**નડિયાદ પોક્સો કોર્ટે** ૧૩ સાક્ષીની જુબાની અને મરણોત્તર નિવેદનના આધારે સજા ફટકારી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

ઠાસરા તાલુકાના સૈયાત ગામમાં પાંચ વર્ષ અગાઉ એક સગીરાને પ્રેમ સંબંધ રાખવા દબાણ કરી, તેને આત્મહત્યા માટે દુષ્પ્રેરણા આપવાના ગંભીર કેસમાં નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે આરોપી દેવેન્દ્રભાઈ રાજેશભાઈ ચાવડાને તકસીરવાન ઠેરવી ૧૦ વર્ષની સખત કેદ અને કુલ રૂ. ૭૦,૦૦૦ના દંડની સજા ફટકારી છે.

આણંદ જિલ્લાના બોરીયાવીની સગીરા તેના મામાના ઘરે સૈયાત ખાતે રહેતી હતી. દરમિયાનમાં ૨૪મી જાન્યુઆરી ૨૦૨૧ના રોજ દેવેન્દ્ર ચાવડાએ અન્ય એક કિશોર સાથે મળીને સગીરાને રસ્તામાં રોકી ફોન લેવા અને સંબંધ રાખવા દબાણ કર્યું હતું અને ધમકી આપી હતી કે જો તે તેની વાત નહીં માને તો તેની માતાના મોબાઈલ પર મેસેજ કરી તેને બદનામ કરી દેશે. આ ધમકીથી ફફડી ઉઠેલી સગીરાએ ૨૫મી જાન્યુઆરી ૨૦૨૧ના રોજ પોતાના ઘરે કેરોસીન છાંટી આત્મહત્યા કરી લીધી હતી. આ સારવાર દરમિયાન અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તેનું મોત નીપજ્યું હતું.

આ કેસમાં ઠાસરા પોલીસે ગુનો નોંધી ચાર્જશીટ રજૂ કરી હતી. સુનાવણી દરમિયાન સરકારી વકીલ યોગીબેન કે. બારોટે ધારદાર દલીલો કરી હતી. સ્પેશિયલ પોક્સો જજ પી. પી. પુરોહિતે ૧૪ દસ્તાવેજી પુરાવા, ૧૩ સાક્ષીઓની જુબાની અને મૃત્યુ પૂર્વે સગીરાએ આપેલા નિવેદન (ડાઈંગ ડિકલેરેશન) ને ગ્રાહ્ય રાખી આરોપીને સજા ફટકારી હતી.

### કઈ કલમો હેઠળ સજા થઈ?

- **પોક્સો એક્ટની કલમ-૧૭ :** ૧૦ વર્ષની કેદ અને રૂ. ૨૫,૦૦૦ દંડ.
- **ઈપીકો કલમ-૩૦૫ (આત્મહત્યાનું દુષ્પ્રેરણ) :** ૧૦ વર્ષની કેદ અને રૂ. ૨૫,૦૦૦ દંડ.
- **ઈપીકો કલમ-૫૦૬ :** ૩ વર્ષની કેદ અને રૂ. ૧૦,૦૦૦ દંડ.
- **ઈપીકો કલમ-૩૫૪(ક) :** ૩ વર્ષની કેદ અને રૂ. ૧૦ હજારનો દંડ.

---

# મહીસાગરમાં આઠ શખસે કિંમતી જમીનો પચાવી પાડી

**કલેક્ટરના** આદેશથી 'ડોન' ઉર્ફે દશરથસિંહ અને તેના સાગરીતો સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૮

મહીસાગર જિલ્લામાં ભૂમાફિયાઓ સામે લાલ આંખ કરતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. લાંબા સમયથી ખેડૂતોની કિંમતી જમીનો પર ગેરકાયદે કબ્જો જમાવી બેઠેલી કુખ્યાત 'ડાભી ગેંગ' વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે .

મહીસાગર કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી સમિતિની બેઠકમાં લેવાયેલા નિર્ણય બાદ, પોલીસ દ્વારા આ ગેંગના મુખ્ય સૂત્રધાર સહિત કુલ ૮ આરોપીઓ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ગુનામાં સંડોવાયેલામાં દશરથસિંહ ઉર્ફે ડોન માનસિંહ ડાભી, કલ્પેશ ઉર્ફે કાલિયો હરમાનભાઈ ડાભી, અલ્પેશ ઉર્ફે અપ્પુ હરમાનભાઈ ડાભી, ગિરીશભાઈ મણીલાલ ડાભી, કૌશિકભાઈ મણીલાલ ડાભી, કનુસિંહ ઉર્ફે કનો પ્રભાતસિંહ ડાભી, નટવરસિંહ ઉર્ફે લાલો ફતાભાઈ ડાભી, પિન્ટુ ઉર્ફે કૌશિક રામાભાઈ ડાભીનો સમાવેશ થાય છે.

આ તમામ આરોપીઓ પર જમીન માલિકોને ડરાવી-ધમકાવી અથવા બનાવટી દસ્તાવેજોના આધારે કિંમતી મિલકતો હડપવાનો આરોપ છે . જિલ્લા પ્રશાસનની આ આકરી કાર્યવાહીથી સમગ્ર પંથકના ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસ દ્વારા હાલ આ મામલે વધુ તપાસ હાથ ધરીને આરોપીઓની ધરપકડ કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

---

# આણંદના શિક્ષકોના હિતરક્ષણ માટે સાંસદને ઉગ્ર રજૂઆત કરાઈ

**સંસદના 'ઝીરો** અવર્સ'માં મુદ્દો ઉઠાવવાની સાંસદે ખાતરી આપી

(પ્રતિનિધિ) આણંદ તા.8

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના આણંદ જિલ્લા એકમ દ્વારા ૨૩મી ઓગસ્ટ ૨૦૧૦ પહેલા ભરતી થયેલા શિક્ષકોના સેવાકીય હિતોના રક્ષણ માટે સાંસદ મિતેશ પટેલને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે. ટેટ પરીક્ષાને લગતા ઉદ્ભવેલા મુદ્દાઓ સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા જરૂરી કાયદાકીય સુધારા કરવામાં આવે તેવી માંગ સંગઠન દ્વારા કરવામાં આવી છે. જિલ્લા અધ્યક્ષ નરેન્દ્રસિંહ મહિડા અને જિલ્લા મંત્રી રીતેશ પટેલના નેતૃત્વમાં આ આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું.

આ અંગે મહાસંઘે પોતાની રજૂઆતમાં જણાવ્યું હતું કે, ૨૦૧૦ પૂર્વે થયેલી શિક્ષકોની ભરતી તે સમયે અમલી નિયમો અને લાયકાતના ધોરણો મુજબ જ કાયદેસર રીતે કરવામાં આવી હતી. આ સંજોગોમાં, ત્યારબાદ નક્કી કરાયેલા લાયકાતના નવા ધોરણો અગાઉથી નિયુક્ત થયેલા શિક્ષકો પર લાગુ કરવા તે ન્યાયસંગત નથી. દાયકાઓથી સેવા આપતા આ શિક્ષકોના અનુભવ અને યોગદાનને ધ્યાને રાખી તેમની વરિષ્ઠતા અને બઢતી સહિતના અધિકારોનું કાયદાકીય રક્ષણ થવું અનિવાર્ય છે.

આ રજૂઆતમાં સંગઠને સ્પષ્ટ કર્યું હતું કે, તેઓ સુપ્રીમ કોર્ટના નિર્ણયનો સંપૂર્ણ આદર કરે છે અને ન્યાયાલયના નિર્ણયનો કોઈ વિરોધ કરવાનો તેમનો હેતુ નથી. તેમ છતાં, લાખો શિક્ષકો અને તેમના પરિવારોના ભવિષ્યમાં સર્જાયેલી અનિશ્ચિતતાને દૂર કરવા માટે કેન્દ્ર સરકારે નીતિગત અને વહીવટી સ્તરે યોગ્ય ઉકેલ લાવવો જોઈએ.

આ રજૂઆતને સાંસદ મિતેશ પટેલે હકારાત્મક રીતે સ્વીકારી હતી. તેમણે ખાતરી આપી હતી કે આ ગંભીર મુદ્દાને યોગ્ય સ્તરે રજૂ કરવામાં આવશે અને જરૂર જણાયે સંસદના 'ઝીરો અવર્સ' દરમિયાન પણ આ વિષય ઉઠાવવા માટે પ્રયાસ કરવામાં આવશે. આ રજૂઆત સમયે અંકિતભાઈ સહિતના અન્ય હોદ્દેદારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

---

# સરદાર પટેલ યુનિ.ના બીએડ્ ટોપરને વડતાલધામ ગોલ્ડ મેડલ આપશે

**વડતાલ સંસ્થાન દ્વારા** યુનિવર્સિટીને ૭.૫૦ લાખનું ભંડોળ અર્પણ;


**'વડતાલધામ** શિક્ષાપત્રી ગોલ્ડ મેડલ' એનાયત થશે

(પ્રતિનિધિ) આણંદ તા.૮

સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા શિક્ષણ ક્ષેત્રે પ્રશિક્ષણાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે એક પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. સરદાર પટેલ યુનિવર્સિટીના બેચલર ઓફ એજ્યુકેશન એક્સટર્નલ પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે આવનાર તેજસ્વી વિદ્યાર્થીને હવેથી પ્રતિવર્ષ 'વડતાલધામ શિક્ષાપત્રી ગોલ્ડ મેડલ' આપી સન્માનિત કરવામાં આવશે.

આ ઉમદા કાર્ય માટે પંચાળા ગાદીના આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના દિવ્ય આશીર્વાદ સાથે વડતાલ સંસ્થાન દ્વારા વિશેષ આર્થિક સહયોગ આપવામાં આવ્યો છે. આ સંસ્થાનના ચેરમેન શાસ્ત્રી ડો. સંતવલ્લભદાસજી સ્વામી તથા મુખ્ય કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામીના હસ્તે સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડો. નિરંજનભાઈ પટેલને ૭.૫૦ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

વડતાલ સંસ્થાન દ્વારા અર્પણ કરવામાં આવેલી આ ૭.૫૦ લાખની રાશિની ફિક્સ ડિપોઝિટ કરવામાં આવશે અને તેના વ્યાજમાંથી દર વર્ષે ગોલ્ડ મેડલ તૈયાર કરી એનાયત કરવામાં આવશે. વડતાલ સંસ્થાનના આ ભગીરથ કાર્યને કુલપતિશ્રી અને સમગ્ર શૈક્ષણિક જગતે આવકાર્યું છે. આ મેડલ આગામી સમયમાં ભવિષ્યના શિક્ષકો બનવા જઈ રહેલા વિદ્યાર્થીઓ માટે એક મોટું પ્રોત્સાહન પૂરું પાડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા પદવીદાન સમારંભમાં દાતાઓ દ્વારા ગોલ્ડ મેડલ અપાતાં હોય છે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**